જાહેરનામું

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા. 10 NOV 2016

મજુર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૦૫

કેએચઆર-૧૩૬-૨૦૧૬-કકબ-૧૦-૨૦૧૬-૧૯૦૭૨૨-મ.૪: મજુર કલ્યાણ ફંડ અધિનિયમ, ૧૯૫૩ ની કલમ-૬(બી) અંતર્ગત કામદાર ફાળા, માલિક ફાળા તથા સરકારશ્રીના ફાળા એમ ત્રિપક્ષીય ફાળો ઉઘરાવવામાં આવે છે તથા આ એકત્રિત ફંડ માંથી ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ દ્વારા સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે.

મજુર કલ્યાણ ફંડ(ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ના સુધારા ક્રમાંક ૪ થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ કામદાર/માલિક ફાળામાં સુધારો કરી દર છ મહિને એવા દરેક કામદાર દીઠ ત્રણ રૂપિયાના દરે અને માલિકના ફાળાની રકમ દર છ મહિને એવા દરેક કામદાર દીઠ છ રૂપિયાના દરે ફાળો આપવાનુ ઠરાવવામાં આવેલ હતુ. તથા આ જ સુધારા અન્વયે ભવિષ્યમાં રાજ્ય સરકાર જરુર જણાયે કામદાર ફાળાનો સદરહુ દર છ રૂપિયા કરતા વધુ નહિ તેટલી તથા માલિક ફાળાનો દર કામદાર ફાળાથી બમણા જેટલી રકમ સુધી વધારી શકશે એમ ઠરાવવામાં આવેલ હતુ. કામદાર/માલિક ફાળામાં થયેલ આ વધારાને ૧૦ વર્ષ કરતા વધુ સમય થયેલ હોઇ તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની યોજનાકીય કામગીરીમાં ઉત્તરોત્તર ઘણી વૃધ્ધિ થયેલ હોઇ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની પ્રવૃત્તિઓ વધુ વેગવંતિ બનાવવાના હેતુથી કામદાર/માલિક ફાળામાં વધારો કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ સઘન વિચારણા હેઠળ હતી.

કાળજી પૂર્વકની વિચારણાને અંતે આથી કામદાર/માલિક ફાળામાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

**"જેનું નામ અનુક્રમે જૂન મહિનામાં અથવા યથાપ્રસંગ, ડિસેમ્બર મહિનામાં સંબંધિત સંસ્થાના રજીસ્ટરમાં હોય તે દરેક કામદાર માટે કામદાર-ફાળાની રકમ, દર છ મહિને એવા દરેક કામદાર દીઠ ૬ રૂપિયાના દરે અને માલિકના ફાળાની રકમ, દર છ મહિને એવા દરેક કામદાર દીઠ ૧૨ રૂપિયાના દરે આપવાની રહેશે."**

રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.એસ.અમરાણી)

સંયુક્ત સચિવ

શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

મેનેજરશ્રી,

સરકારી પ્રેસ, ગાંધીનગર.

આ જાહેરનામું ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રના ભાગ-૪ બી માં અચૂક પ્રસિદ્ધ કરી તેની નકલો નીચેની વિગતે મોકલવા વિનંતી છે.